# કાર્યકરોને સંગઠિત બનવા સોનિયાની હાકલ

જયપુર, તા. ૧૮

અહીં યોજાયેલી કોંગ્રેસની ચિંતન શિબિરમાં પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધીએ કહ્યું હતુ કે, દેશ સામે હાલ ઘણા રાજનીતિક, આર્થિક અને સામાજિક પડકારો છે. તેમણે કહ્યું કે કોંગ્રેસની ચિંતન શિબિરમાં જે મોટા મુદ્દે વાત થશે તેમાં મહિલાઓની સુરક્ષાનો મુદ્દો પણ સામેલ છે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે મહિલાઓ પર આચરાતી હિંસા સરકારનો વિષય છે. દેશનો હજુ પણ મોટો હિસ્સો કચડાયેલો છે. જેના માટે કામ કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે દેશના લોકોની આશા વધતી જાય છે.

સોનિયા ગાંધીએ વધુમાં કહ્યું કે સામાજિક જવાબદારી સાથે વિકાસ પર ધ્યાન દેવાની પણ જરૂર છે. આ માટે તેમણે રાજ્યો સાથે વધારે તાલમેલ સર્જવા પર ભાર મૂક્યો હતો. યુપીએ સરકારે તેના ૯ વર્ષના શાસનમાં વિકાસના ઘણા કામો થયાનો તેમણે દાવો કર્યો હતો.

કોંગ્રેસ અધ્યક્ષે કબૂલ્યું હતું કે, જનતા હવે ભ્રષ્ટાચારથી તંગ આવી ગઈ છે. તેમણે યુવા નેતાઓને લગ્નોમાં ખોટો ખર્ચ ન કરવાની સલાહ આપી હતી.

કોંગ્રેસની આ બહુપ્રચલિત ચિંતન શિબિરને આગામી વર્ષમાં યોજાનારી લોકસભાની ચૂંટણીની તૈયારીરૂપે પણ જોવામાં આવી રહી છે.

આ શિબિરમાં વડાપ્રધાન મનમોહનસિંઘ, કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને તેમના પુત્ર અને



કોંગ્રેસના મહામંત્રી રાહુલ ગાંધી સહિત લગભગ અઢી હજાર કોંગ્રેસ પ્રતિનિધિ ભાગ લઈ રહ્યા છે. કોંગ્રેસ નેતા બે દિવસના ગહન વિચારવિમર્શ બાદ જયપુર ઘોષણાપત્ર તૈયાર કરશે. આ શિબિર બાદ રાહુલ ગાંધીની રાજનીતિક ભૂમિકાનો વધુ વિસ્તાર થઈ શકે છે.

વડાપ્રધાન કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને પાર્ટીના રાજકુમાર રાહુલ ગાંધી ત્રણ દિવસ જયપુરમાં રહેશે. કોંગ્રેસ નેતાઓ જયપુરમાં આવતા જ ચોખ્ખા રસ્તા, સજાવાયેલી ઈમારતો અને કોંગ્રેસ ઝંડા દ્વારા તેઓનું સ્વાગત થયું હતું. સરકારે જયપુર શહેરના રૂપ રંગ બદલી નાંખ્યા છે.

વિપક્ષ ભાજપે સરકારના આ આયોજન પર ભારે ખર્ચ કરવાનો આક્ષેપ કર્યો છે. પરંતુ મુખ્યપ્રધાન અશોક ગેહલોત કહે છે કે આમાં નિયમાનુસાર વડાપ્રધાન, મુખ્યપ્રધાન અને અન્ય પ્રધાનોને જ માન્ય પ્રોટોકોલની સુવિધા અપાઇ રહી છે. આ પક્ષનું આયોજન હોવાથી બાકી ખર્ચ સંગઠન ખુદ કરશે.

આ ઘોષણાપત્રથી એ જાણવા મળશે કે કોંગ્રેસ ખુદને અને દેશને કઇ દિશામાં લઇ જવા ઇચ્છે છે. શિબિર જયપુરના બિરલા ઓડિટોરિયમમાં યોજાઇ છે.

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ શુક્રવારે ચિંતન શિબિરમાં પ્રથમ દિવસે કોંગ્રેસીઓને સીધા શબ્દોમાં શિસ્તના પાઠ ભણાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, અશિસ્ત, અંગત મહત્વાકાંક્ષા અને ઘમંડના કારણે પક્ષે એવી ઘણી તકો ગુમાવી દીધી છે. જે લોકો આપણને આપવા ઈચ્છતા હતા.

શિબિરમાં પોતાના ભાષણમાં સોનિયાએ કોંગ્રેસીઓને પ્રશ્ન કર્યો હતો કે શું એવું નથી કે આપણે માત્ર એ કારણે એવા ઘણા અવસર ગુમાવી દીધા છે જે દેશવાસીઓ આપણેન આપવા ઈચ્છતા હતા કેમ કે આપણે શિસ્તબદ્ધ અને સંગઠિત ટીમરૂપે કામ કરવામાં નિષ્ફળ ગયા છીએ. આ સાથે તેમણે કેટલાક નેતાઓની તેની સંપત્તિના પ્રદર્શન બાબતે પણ ટીકા કરી કહ્યું હતુંકે, તેમને ખબર નથી કે આ સંપત્તિ ક્યાંથી આવે છે. અહમને ભૂલીને એક થવાનો તેમણે અનુરોધ કર્યો હતો.

# ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

## પહાડી વિસ્તારોમાં ચારેબાજુ બરફની ચાદર છવાઈ : કાશ્મીર, હિમાચલ, ઉત્તરાખંડમાં હિમવર્ષા

નવી દિલ્હી,તા. ૧૮

થોડાક સમય સુધી રાહત મળ્યા બાદ સમગ્ર ઉત્તર ભારતમાં ફરી એકવાર કાતિલ ઠંડીનું મોજું ફળી વળ્યું છે. ઉત્તર ભારતમાં કેટલીક જગ્યાઓએ વરસાદ અને કેટલાક વિસ્તારમાં હિમવર્ષાના કારણે તાપમાનમાં ફરી ઘટાડો થયો છે. મેદાની ભાગોમાં વરસાદ પડ્યો છે જ્યારે પહાડી વિસ્તારોમાં બરફની ચાદર છવાઈ ગઈ છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આજે સવારે ભારે વરસાદ પડ્યો હતો. ઘણા વિસ્તારમાં વરસાદી ઝાંપટા પડ્યા હતા. શહેરમાં વાદળો ઘેરાયેલા રહ્યા હતા. લઘુત્તમ તાપમાન ચાર ડિગ્રી નોંધાયું હતું. મહત્તમ તાપમાન ૧૮ ડિગ્રીની આસપાસ રહ્યું છે. બીજી બાજુ તાજમહેલના શહેર ગણાતા આગ્રામાં પણ વાવાઝોડું ફૂંકાયું હતું. ઠંડા પવનોના કારણે પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. અહીં વરસાદી ઝાંપટા પડ્યા છે. મથુરા, ઈટા અને ફિરોઝાબાદમાં વરસાદી ઝાપટા પડ્યા છે.

બીજી બાજુ હિમાચલ પ્રદેશના લોકપ્રિય રિસોર્ટ શિમલા અને મનાલીમાં ટૂંકાગાળાના બ્રેક બાદ નવેસરથી હિમવર્ષા થઈ છે. હનીમૂન પર જતા લોકો માટે સૌથી લોકપ્રિય ગણાતા શિમલા, કૂફરી, ફાગુ અને નારકંડા જેવા વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. આવી જ રીતે મનાલીથી આશરે ૧૩ કિલોમીટરના અંતરે સ્થિત સોલાંગ સ્કીસ્લોબ ખાતે હિમવર્ષા થઈ છે. મનાલીમાં લઘુત્તમ તાપમાન ૦.૬ ડિગ્રી નોંધાયું છે. કાશ્મીરમાં ગુરુવાર બપોર બાદથી સતત હિમવર્ષા થઈ રહી છે જેના લીધે શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર ફરી ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ છે. હવામાન ખાતાએ આગાહી કરી છે કે હજુ ભારે વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. ટ્રાફીકના કારણે મોટી સંખ્યામાં વાહનો અટવાઈ પડ્યા છે. કાશ્મીરના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન માઈનસમાં નોંધાયું છે. મેદાની ભાગોમાં પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના ઘણા ભાગોમાં તાપમાનમાં ફરી એકવાર ઘટાડો થયો છે. શ્રીનગર અને કાશ્મીરખીણના અન્ય વિસ્તારોમાં નવેસરથી હિમવર્ષા થઈ છે. ભેખડો ધસી પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ પર વાહન વ્યવહારને રોકવાની ફરજ પડી છે. કુપવારા, ચોકીબલ, માચેલ, તંગધાર અને બાંદીપુરામાં રહેતા લોકોને આગામી ૨૪ કલાક દરમિયાન સંવેદનશીલ વિસ્તારમાં ન જવાની સૂચના આપવામાં આવી છે. બીજીબાજુ ૨૯૪ કિલોમીટર લાંબા શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગને ભારે હિમવર્ષા બાદ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. ઉત્તરભારતમાં હાલમાં ઠંડીમાં ઘટાડો થયો હતો પરંતુ કેટલાક રાજ્યોમાં ફરીથી હિમવર્ષાના લીધે તાપમાનમાં ઘટાડો થયો છે. આગામી થોડાક દિવસ સુધી હવામાન યથાવત રહેવાની આગાહી કરવામાં આવી છે જેથી લોકોને હાલમાં ઠંડીથી રાહત નહીં મળે.



દિલ્હી



મનાલી

# નેટવર્ક વધારવા વિપ્રો દ્વારા ૨૩૩૬ કર્મચારી ઉમેરાયા

નવી દિલ્હી,તા. ૧૮

આઈટી સેવા ઉપલબ્ધ કરાવનાર મોટી કંપની વિપ્રો લિમિટેડે ૩૧ ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે પુરા થયેલા ત્રિમાસિક ગાળા દરમિયાન ૨૩૩૬ નવા કર્મચારીઓ ઉમેરી લીધા છે. ઉપરાંત કંપનીએ આ ત્રિમાસિક ગાળા દરમિયાન ૫૦ નવા કસ્ટમરો પણ ઉમેરી લીધા છે. કંપનીએ એક નિવેદન જારી કરીને આજે કહ્યુ હતુ કે કંપનીએ ઉલ્લેખનીય સફળતા આ ગાળા દરમિયાન મેળવી છે. યુરોપ સ્થિતિ ટેલિકોમ સાધન બનાવતી કંપની તરફથી આરએનડી એપ્લિકેશન એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સર્વિસ સમજૂતિ પણ કરવામાં આવી છે. વિપ્રોએ આ ગાળા દરમિયાન ઓસ્ટ્રેલિયામાં સૌથી મોટા રિટેલર પૈકીના એક સાથે આઈટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર આઉટ સોર્સિંગ સમજૂતિ પણ કરી છે. વિપ્રોએ તાજેતરના સમયમાં ત્રિમાસિક ગાળાના પરિણામ પણ જાહેર કર્યા છે. કંપનીએ નવા સ્ટાફના ઉમેરાની સાથે જ આ ત્રિમાસિક ગાળા દરમિયાન કર્મચારીની સંખ્યા ૧૪૨૯૦૫ સુધી પહોંચાડી દીધી છે.

# ત્રણ વર્ષમાં પીજી મેડીકલ સીટમાં ૮૦ ટકાનો વધારો

મુંબઈ,તા. ૧૮

છેલ્લા ત્રણ વર્ષમાં પોસ્ટ ગ્રેજ્યુએશન મેડીકલ સીટની સંખ્યામાં ૮૦ ટકાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. આનાથી તબીબી વિદ્યાર્થીઓને મોટી રાહત થઈ છે. તેમની વચ્ચે સ્પર્ધાઓ ચોક્કસપણે હોવા છતાં પૂરતી તક મળી રહી છે. આ વર્ષે જૂન સુધીમાં ૧૦૦ ટકા સુધીનો વધારો બેઠકોમાં કરવામાં આવે તેવી શક્યતા છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટેના પ્રધાન ગુલામનબી આઝાદે કહ્યું છે કે છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં પી જી મેડીકલની સીટમાં ૮૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. હેલ્થકેરની સુવિધાના અભાવમાં ઘણા લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. મોતનો આંકડો પણ ઊંચો રહ્યો છે. આઝાદનું કેહવું છે કે તબીબી અને અર્ધ તબીબી સંશાધનોની અછતને દૂર કરવાની બાબતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ભારતમાં દર વર્ષે ૩૨૮ મિલિયન મહિલાઓ સગર્ભા બની રહી છે પરંતુ દર વર્ષે ૫૬૦૦૦ મહિલાઓના મોત બાળકના જન્મવેળા થઈ રહ્યા છે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ ઓફ ઓબ્સસ્ટેટ્રીસ એન્ડ ગાયનેકની પરિસદનું ઉદ્‌ઘાટન કરતા તેમને આ મુજબની વાત કરી હતી. આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્યને લઈને ચિત્ર સારુ નથી. આઝાદનું કહેવું છે કે ભારતમાં નવજાત શિશુના મોતના દરમાં અને બાળકના જન્મ આપતી વેળા મહિલાઓના મોતના દરમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. છેલ્લા દશકમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે છતાં હજુ માતા અને બાળકને બચાવવા માટે ઘણા પગલાં લેવાની જરૂર છે. વર્ષ ૨૦૦૫-૦૬માં સરકાર દ્વારા માતૃત્વ સ્કીમ શરૂ કરવામાં આવી હતી જેના ભાગરૂપે પાંચ કરોડથી વધુ મહિલાઓને ફાયદો થયો હતો. સરકારે સગર્ભા મહિલા ઉપર ૬૭૦૦ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા. જનની શિશુ સુરક્ષા યોજનાના ભાગરૂપે ૧૧ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા હતા.

## સંસ્કાર ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

ચિંતન-મનન પછી આચરણનું પગલું આવે છે. ગુરૂમુખે જે કંઇ શ્રવણ કર્યું હોય. જે ઉપદેશ ચિત્તમાં ઉતાર્યો હોય તેનું વ્યવહારમાં પાલન થાય તોજ શ્રવણની સાર્થકતા - શંકરાચાર્યજી તો જ્ઞાનને આચરણમાં મુકનારને જ પંડિત ગણે છે. જ્ઞાન આચરણમાં મુકાય તો સાર્થક થાય. બોધ સાંભળ્યા પછી અર્જુન પણ કહે છે. ‘કરિષ્યે વચનં તવ’ જ્ઞાન આત્મસાત થયું હોય તો કટોકટીની ક્ષણે મદદ મળે છે. માર્ગદર્શન મળે છે. માત્ર હોઠ પર કે જીભ પર યાદ રાખેલું કામમાં આવતું નથી. ‘સત્યં વદ’ એ શાસ્ત્ર-વચન સૌને યાદ જ હોય છે. પણ વ્યવહારમાં કેટલા ટકા ઉતરે છે? મોહ, લોભ, અહંતા કે મમતાને લઇ નાના નજીવા પ્રસંગે પણ અસત્યનું આચરણ થઇ જાય છે. અહીં જે ‘શ્રુત’ છે તેનું વિસ્મરણ થઇ ગયું ગણાય.

કથા-શ્રવણમાં વક્તા પરત્વેની શ્રધ્ધા પણ શ્રવણ પર મોટી અસર કરે છે. જો શ્રધ્ધા ન હોય તો તેના શબ્દો પરત્વે શંકાઓ થાય છે. શબ્દો ભલે કાને પડે પણ શ્રવણની કક્ષાએ પહોંચતા નથી. વક્તાનું વકતવ્ય ન સમજાય તો પ્રશ્ન ઉઠાવી શકાય પણ ત્યાં વક્તાની નિષ્ઠા પરત્વે અશ્રધ્ધા નથી હોતી. ગાર્ગી યાજ્ઞવલ્ક્યને કેટલા પ્રશ્નો પૂછે છે. અને તેનો યોગ્ય જવાબ યાજ્ઞવલ્ક્ય આપતા જાય છે.

વૈજ્ઞાનિક સત્ય સમજવા તીવ્ર બુધ્ધિ જોઇએ તેમ ‘સત’ને ભાવાતીત વિષયને સમજવા શ્રધ્ધા તથા ભક્તિ જોઇએ. આપણે સૌ અવાર-નવાર કથા-કિર્તનમાં જઇએ છીએ. સૌ સત્સંગમાં જતા હોઇએ છીએ. ગુરૂ કર્યા હોય તો તેઓનાં સ્વયંભૂએ ઉપદેશ - સાંભળવીએ છીએ. આ બધું કરવા છતાં જો મન-વાણી તથા વર્તન ન સુધરે તો એમ સમજવું કે આપણું શ્રવણ વ્યર્થ ગયું છે. આપણે પણ ઋષિની સાથે પ્રાર્થના કરીએ કે અમોએ જે કંઇ આછુંપાતળું સાંભળ્યું છે. જે સદ્ - વચનોનું શ્રવણ થયું છે. તે સદા અમારા ચિત્તમાં સ્થાન પામો, ને કયારે પણ નષ્ટ ન થાઓ ‘શ્રુતં મે મા પ્રહાસિ’.

# બિનસબસિડીવાળા એલપીજીની કિંમતમાં સિલિન્ડરદીઠ ૪૬.૫૦ રૂપિયાનો વધારો

નવી દિલ્હી,તા. ૧૮

જંગી ફ્યુઅલ સબસિડી બિલને અંકુશમાં લેવાના હેતુસર સરકાર દ્વારા હાલમાં લેવામાં આવી રહેલા સુધારા પગલાની દિશામાં આગળ વધીને આજે સરકારે બિનસબસિડીવાળા એલપીજીની કિંમતમાં સિલિન્ડરદીઠ ૪૬.૫૦ રૂપિયાનો વધારો કરી દીધો હતો. જો કે ગઈકાલે સરકારે સબસિડીવાળા એલપીજી સિલિન્ડરની મર્યાદા એક પરિવારને વાર્ષિક છથી વધારીને નવ કરી હતી. આજે બિનસબસિડી વાળા ગેસની કિંમતમાં વધારો કર્યો હતો. આનો મતલબ એ થયો કે લોકોને મર્યાદાવાળા નવ સિલિન્ડર બાદ એલપીજી ગેસના ૧૦માં સિલિન્ડરની ખરીદી પર વધુ ૪૬.૫૦ રૂપિયા ચુકવવા પડશે. એક વર્ષમાં સબસિડીવાળા ગેસ સિલિન્ડરની સંખ્યા ગઈકાલે જ નવ કરવામાં આવી હતી. હવે આજે ૧૦માં સિલિન્ડર માટે ૯૪૨ રૂપિયા ચુકવવા પડશે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. ઓઈલ પીએસયુ દ્વારા પહેલી નવેમ્બરના દિવસે બિન સબસિડી વાળા એલપીજીની કિમતમાં સિલિન્ડર દીઠ ૨૬.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. પરંતુ કલાકોના ગાળામાં જ આ નિર્ણયને પાછો ખેંચી લેવામાંઆવ્યો હતો કારણ કે સરકાર આના લીધે મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી પરંતુ આજે બિનસબસિડીવાળા એલપીજીની કિંમતમાં વધારો કરી દેવામાં આવ્યો છે. ગઈકાલે સરકારે સબસિડીવાળા રેટના સિલિન્ડરમાં વધારો કર્યો હતો. સરકારે ડિઝલની કિંમતોને પણ અંકુશમુક્ત બનાવી હતી. તે વખતે લિટરદીઠ ૫૦ પૈસાનો વધારો ડિઝલની કિંમતમાં કરવામાં આવ્યો હતો. સરકારે ઓઈલ કંપનીઓ દ્વારા વૈશ્વિક તેલ કિંમતોના અનુસંધાનમાં હાલમાં વ્યાપક ખેરફાર કરવામાં આવ્યો છે. ગઈકાલે સરકારે સબસિડીવાળા સિલિન્ડરની મર્યાદા વધારી હતી. જ્યારે આજે બિન સબસિડી વાળા ગેસમાં ૪૬.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. ભવિષ્યમાં માસિકરીતે દર મહિને ડિઝલની કિંમતમાં વધારો કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે.

# જાહેર સ્થળો પર પ્રતિમાને સરકારો મંજૂરી આપે નહીં

નવી દિલ્હી, તા.૧૮

સુપ્રીમ કોર્ટે આજે તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિર્દેશ આપ્યો હતો કે, જાહેર સ્થળો પર પ્રતિમા કે આવો કોઈ ઢાંચો બનાવવાની મંજૂરી ન આપે. જેની ટ્રાફિક વ્યવહારમાં અડચણ ઊભી થાય. સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ આર.એમ.લોઢા અને ન્યાયમૂર્તિ એસ.જે.મુખોપાધ્યાયની બનેલી ખંડપીઠે કેરલ સરકારના નિર્ણય વિરૂદ્ધ કરવામાં આવેલી અરજી પર આદેશ આપતાં સ્પષ્ટ કહ્યું હતું કે,રોડ-રસ્તાં પર લાઈટની વ્યવસ્થા કરવા સંબંધિત ઢાંચા જેવી કામગીરી આ દાયરામાં આવશે નહીં. કારણકે ટ્રાફિક વ્યવહાર સરળ અને સુગમ બનાવવામાં તે મદદરૂપ નીવડશે. કેરલમાં નેશનલ હાઈવે પર એક ખાસ વિશેષ સ્થળ પર એક નેતાની પ્રતિમા મુકવાની મંજૂરી આપવાના રાજ્ય સરકારના નિર્ણયને પડકારની અરજી પર ઉપરોક્ત આદેશ આપ્યો હતો.


ન્યાયાધીશોએ કહ્યું હતું કે, હવેથી કેરલ સરકાર સાર્વજનીક સ્થળો, માર્ગ અથવા સાર્વજનિક ઉપયોગ કે પછી અન્ય સ્થળો પર કોઈ પ્રતિમા મૂકવાની કે આવા કોઈપણ પ્રકારના નિર્માણની મંજૂરી નહીં આપે.

# એરઇન્ડિયા ડ્રિમલાઈનરનું મંગળવારથી નિરીક્ષણ કરાશે

મુંબઈ,તા. ૧૮

બોઈંગ ૭૮૭ ડ્રિમલાઈનરને લઈને વિશ્વભરમાં હોબાળો મચી ગયો છે. અમેરિકા, જાપાન અને ભારતે આ વિમાનની સેવા બંધ કરી દીધી છે. મળેલી માહિતી મુજબ એર ઈન્ડિયા આગામી મંગળવારથી તેના છ બોઈંગ ૭૮૭ ડ્રિમલાઈનરોની ચકાસણીની પ્રક્રિયા હાથ ધરશે. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (એફએએ) તરફથી માર્ગદર્શિકા મળી ગયા બાદ આ ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે. એર ઇન્ડિયા પાસે બોઇંગના છ ૭૮૭ ડ્રિમલાઈનર વિમાન છે. આ ડ્રિમલાઈનર વિમાનની સેવા ગુરુવારના દિવસે બંધ કરી દેવામાં આવી હતી. એફએએ તરફથી આદેશો મળ્યા બાદ વિમાનની સેવા બંધ કરાઈ હતી. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) તરફથી લીલીઝંડી મળ્યા બાદ આ વિમાનને સેવામાં મુકી શકાશે. એર ઈન્ડિયાના સૂત્રોએ કહ્યુ છે કે બેઇંગ પણ આ સંબંધમાં એક નિરીક્ષણ માગદર્શિકા મોકલે તેવી શક્યતા છે. એફએએને સર્વિસ બુલેટિનમાં આ માર્ગદર્શિકા મોકલવામાં આવે તેવી શક્યાત છે. એફએએ દ્વારા મંગળવાર સુધી એક માર્ગદર્શિકાને લીલીઝંડી આપવામાં આવે તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે દરેક બોઈંગ ૭૮૭માં બે બેટરી છે. નિરીક્ષણ મુંબઈમાં એરઈન્ડિયા હેંગર ખાતે કરવામાં આવશે. તેમનામાં કોઈ નિર્માણની ખામી છે કે કેમ તે અંગે ચકાસણી કરવામાં આવશે. દરેક વિમાનમાં બેટરીની ચકાસણી કરવામાં ૨૪ કલાકનો સમય લાગશે. તારણો ડીજીસીએ અને એફએએ સમક્ષ મુકવામાં આવશે. જો વિમાનોમાં કોઈ પણ ખામી દેખાશે નહીં તો આ વિમાનોને ફરી સેવામાં મુકવામાં આવશે. સૌથી પહેલા રેગ્યુલેટરની મંજુરી મેળવવામાં આવશે જો ખામી બેટરીમાં રહેશે તો રિપ્લેસમેન્ટ પણ કરવામાં આવશે. આના કારણે બોઈંગ ૭૮૭ ઓપરેશનને પુનઃ શરૂ કરવામાં વધુ વિલંબ થશે. એર ઈન્ડિયા ત્રણ સ્થાનિક અને ત્રણ આંતરરાષ્ટ્રીય રૂટ ઉપર બોઈંગ ૭૮૭ વિમાનો ચલાવે છે. દિલ્હી-દુબઈ રૂટ ઉપર બોઈંગ ૭૪૭-૪૦૦ વિમાન ગોઠવવામાં આવ્યા છે. જ્યારે બોઈંગ ૭૭૭ વિમાનનો ઉપયોગ પેરિસ અને ફ્રેન્કફુટ ફલાઈટ માટે કરવામાં આવ્યો છે.

એર ઈન્ડિયા પાસે એવા ૮૦ પાઈલોટો છે જે લોકોને બોઈંગ ૭૮૭ ઓપરેટ કરવાની તાલીમ અપાઈ હતી. બોઈંગ ૭૮૭ની સેવા બંધ કરાયા બાદ એરલાઈન ફ્રેન્કફુટ અને પેરિસ રૂટ ઉપર બોઈંગ ૭૭૭ વિમાન મુકી રહ્યુ છે. સ્થાનિક ફલાઈટ માટે એરબસ એ-૩૨૦ વિમાન રાખવામાં આવ્યા છે. ૭૮૭ના પાઈલોટોનો ઉપયોગ અન્ય પ્રકારના વિમાનો ઓપરેટ કરવા માટે કરવામાં આવશે.




# સમાચાર ઝલક

- મોરબીના સિરામિક ઉદ્યોગપતિ તથા સૂરતના ડાયમંડ કિંગને ત્યાં ઇન્કમેક્સનાં દરોડા.
- કિસાન કરજ માફીમાં પણ અબજોનો ગોટાળો, ૫૦% કેસોમાં ગોટાળા, બેંકકર્મીઓ અને ખેડૂતો સામે તપાસના આદેશ.
- કચ્છમાં ભરશિયાળે માવઠાથી અષાઢી માહોલ.
- રેખાને અદ્દભૂત રીતે ફ્રેમમાં અમર કરનાર ફિલ્મી ફોટોગ્રાફર જગદીશ માલી ભિક્ષુકોની હરોળમાં.
- ભારતની આર્થિક વૃધ્ધિમાં જોરદાર ઉછાળો આવશે : વર્લ્ડ બેંકની આગાહી.
- રવિવારે એક કરોડ બાળકોને રાજયભરમાં પોલિયોની રસી પીવડાવાશે.
- ૧૬ દેશોના પ્રતિનિધિઓ અમદાવાદ જિલ્લાની મુલાકાતે.
- મહાન નેતાઓ માટે હવે ‘કોમન સમાધિ’, ‘રાષ્ટ્રીય સ્મૃતિ’ હેઠળ જ મહાનેતાઓને સન્માનતિ કરાશે.
- કુંભના ‘અલૌકિક આનંદ’ માટે ફાઇવસ્ટાર ધંધો ખોલતાં સાધુ-સંતો.
- મોબાઇલ ટાવર રેડિયેશનથી કેન્સરન ખતરો વધે છે.
- મુંબઇ ત્રાસવાદી હુમલામાં સંડોવાયેલાં રાણાને અમેરિકામાં ૧૪ વર્ષની સજા.
- રાજકોટમાં પોતાના લગ્નની કંકોત્રી મંદિરે મુકવા જતા યુવાનનું ડમ્પર હડફેટે કરૂણ મોત, લગ્ન નખાયાને કાળ ત્રાટક્યો.
- ૮૯ વર્ષના બાએ પાલીતાણા ખાતે દીક્ષા ગ્રહણ કરી, ૮૯ વર્ષની ઉંમરે સંપૂર્ણ સ્વસ્થ છે.
- સસ્પેન્ડ પોલીસ વડા ડી.જી.વણઝારાને ચાર્લ્સ શોભરાજ જેવી બાદશાહી સગવડો જેલમાં મળશે.
- અમેરિકામાં ઉદ્યોગપતિ અશ્વીનભાઇ મેંદપરાની હત્યા તેમના પુત્રે જ કરી હતી.
- નવા કેન્દ્રીય બજેટમાં ઇન્ટરનેટ સસ્તુ થશે, સર્વિસ ટેક્સ નાબૂદ થશે.
- ફિલ્મ અભિનેતી કરિના કપૂર શાકાહારની ચુસ્ત આગ્રહી હવે માંસાહારી બની છે.
- સૂર્યમંડળના પ્રાથમિક અભ્યાસના આધારે આગાહી છે કે ચોમાસું વહેલું આવશે, મેના અંતથી મેઘરાજા પધારશે.
- ભારત-પાક સંબંધોમાં કડવાશથી મેડિકલ ટુરીઝમ ઉદ્યોગને અસર.
- વાવ તાલુકાની પ્રાથમિક શાળાના આચાર્યા રાજાપાઠમાં ઝડપાયા.